# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અંદાજિત રૂ. ૧૦૧૧ કરોડના ખર્ચે ખારીકટ કેનાલનું નવીનીકરણ તથા વિવિધ પ્રજાલક્ષી વિકાસ કાર્યોનું ઈ-ખાતમુહૂર્ત

## મુખ્યમંત્રીશ્રીએ દિવાળી તહેવારોમાં અમદાવાદીઓને રૂ.૧૦૧૧ કરોડના વિકાસ કાર્યોની ભેટ આપી

### વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાતમાં વિકાસ કામો માટે પૈસાની તંગી નહી પડવા દઈએ -: મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ



કમલમ્ ન્યુઝ,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અંદાજિત રૂ.૧૦૧૧ કરોડના ખર્ચે ખારીકટ કેનાલનું નવીનીકરણ તથા વિવિધ પ્રજાલક્ષી વિકાસ કાર્યોના ઈ-ખાતમુહૂર્ત પ્રસંગે જણાવ્યું હતું કે, દિવાળીના તહેવારોની વચ્ચે અમદાવાદના શહેરીજનોને રૂ.૧૦૧૧ કરોડના વિકાસ કાર્યોની ભેટ મળી છે. તેમણે વધુમાં કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાતમાં વિકાસ કામો માટે પૈસાની તંગી નહીં પડવા દઈએ અને વિકાસના કામો સતત ચાલતા રહેશે એમ મુખ્યમંત્રીશ્રી એ વધુમાં ઉમેર્યું હતું. શ્રી ભૂપેન્દ્ર પટેલે ખારીકટ કેનાલનું નવીનીકરણ અંગેની વાત કરતા કહ્યુ કે, અમદાવાદના પૂર્વ વિસ્તારના લોકોને મોટો લાભ મળ્યો છે. રાજ્ય સરકાર દ્વારા રૂપિયા ૫૪૪ કરોડના ખર્ચે ખારીકટ કેનાલના વિકાસનું અભૂતપૂર્વ સુદ્દઢ આયોજન કરવામાં આવ્યું છે. આમ, સરકારના પ્રયાસોના પરિણામે અમદાવાદના નાગરિકોના ઈઝ ઓફ લિવિંગમાં સતત વધારો થઈ રહ્યો છે એમ મુખ્ય મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું હતું મુખ્યમંત્રી શ્રીએ વધુમાં કહ્યું હતું કે, શ્રી નરેન્દ્રભાઈના માર્ગદર્શનમાં ગુજરાતે છેલ્લા ૨૦ વર્ષમાં વિકાસ કોને કહેવાય અને કેવી રીતે થાય તેનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે, જેના કારણે જ આજે ગુજરાત દેશનું ગ્રોથ એન્જિન બન્યું છે. તેમણે વધુમાં કહ્યું કે, જે પ્રજાલક્ષી વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત કરીએ છીએ તેનુ લોકાર્પણ પણ અમે જ કરીએ છીએ. મુખ્યમંત્રીશ્રીએ શહેરના બ્યુટીફિકેશન અંગે કહ્યું કે, વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં અમારો સતત પ્રયાસ છે કે વિકાસ દ્વારા લોકોના જીવનમાં વધુને વધુ સુખાકારી ઉપલબ્ધ કરાવીએ. શહેરીજનોનું ઈઝ ઓફ લિવિંગ વધારવું એ રાજ્ય સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. મુખ્યમંત્રી શ્રીએ ૨૦ વર્ષમાં અમદાવાદમાં થયેલા વિકાસની વાત કરતા કહ્યું કે, આપણે બધાને યાદ છે બે દાયકા પહેલા અમદાવાદનો પૂર્વ પટ્ટો કેવો હતો. તત્કાલિન મુખ્ય મંત્રી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈએ નક્કી કર્યુ હતુ કે પૂર્વ અને પશ્ચિમ અમદાવાદનો ભેદ મિટાવી દેવો છે અને તે તેમણે સમ્યક વિકાસથી સાકાર કરી બતાવ્યું છે. આ અવસરે મુખ્યમંત્રીશ્રીએ રાજયની જનતાને દીપાવલી પર્વની નવા વર્ષની શુભેચ્છાઓ પણ પાઠવી હતી.

આ અવસરે સહકાર મંત્રીશ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ કહ્યું કે, દિવાળીના તહેવારોમાં અમદાવાદના પૂર્વ વિસ્તારના લોકોને ઐતિહાસિક ભેટ મળી છે. અમદાવાદમાં ખારીકટ કેનાલના નવીનીકરણ થવાથી પૂર્વ વિસ્તારના લોકોની વર્ષોની નાની મોટી સમસ્યાનો અંત આવ્યો છે. તેમણે વધુમાં કહ્યું કે, આ ખારીકટ કેનાલને કારણે પૂર્વ વિસ્તારનો વર્ષોથી વિકાસ ક્યાંક ને ક્યાંક અટકી રહ્યો હતો તેને હવે એક નવી દિશામાં મળવાની છે. ભારતીય જનતા પાર્ટીની સરકારે જે વચનો પૂર્વ વિસ્તારના લોકોને આપ્યાં હતા એ પૂરા થઈ રહ્યા છે. અમદાવાદના મેયર શ્રી કિરીટભાઇ પરમારે સ્વાગત પ્રવચન આપતા કહ્યું કે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અંદાજિત રૂ. ૧૦૧૧ કરોડના ખર્ચે ખારીકટ કેનાલનું નવીનીકરણ તથા વિવિધ પ્રજાલક્ષી વિકાસ કાર્યોનું ઈ-ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જે બજેટ જનતા માટે ફાળવવામાં આવે છે તેનો પૂરેપૂરો ઉપયોગ થઈ રહ્યો છે અને તેનું ઉદાહરણ આપણી સમક્ષ છે. આજે રાજય સરકાર અને કેન્દ્ર સરકારની તમામ યોજનાઓનો લાભ ગુજરાતની જનાતને મળી રહ્યો છે એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું. આ અવસરે સમાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રી પ્રદિપભાઈ પરમાર, સાંસદશ્રી ડો.કિરિટભાઈ સોલંકી, શ્રી હસમુખભાઈ પટેલ, પૂર્વ ગૃહરાજયમંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજા, શ્રી બાબુભાઈ પટેલ, શ્રી રાકેશશાહ, શ્રી જગદીશભાઈ પટેલ, શ્રી કિશોરભાઈ ચૌહાણ, શ્રી સુરેશભાઇ પટેલ, શ્રી બલરામ થાવાણી, શ્રી શંભુજી ઠાકોર, મેયર શ્રી કિરીટભાઈ પરમાર, ડેપ્યુટી મેયર શ્રીમતિ ગીતાબહેન પટેલ, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેનશ્રી હિતેશભાઈ બારોટ, પક્ષના નેતાશ્રી ભાસ્કરભાઈ ભટ્ટ, દંડક શ્રી અરૂણસિંહ રાજપૂત, અમદાવાદ મ્યુનિસિપલ કમિશ્નર શ્રી એમ.થેન્નારસન, અધિકારીશ્રીઓ, વિવિધ કમિટીના ચેરમેનશ્રીઓ, ભાજપના આગેવાનો તેમજ મોટી સંખ્યામાં પ્રજાજનો ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અંદાજીત રુ. ૫૪૪ કરોડના ખર્ચે નરોડા સ્મશાન ગૃહથી વિંઝોલ વહેળા સુધીની ખારીકટ કેનાલને પેકેજ-૨ અંતર્ગત નવયુગ શાળા કોર્સીંગથી નીધી પાર્ક સોસાયટી સુધી તથા પેકેજ-૩ અંતર્ગત નીધી પાર્ક સોસાયટીથી ઓઢવ ફાયર સ્ટેશન સુધી ૨ નંગ પ્રિકાસ્ટ આર.સી.સી. બોક્ષ તથા ૨ નંગ કાસ્ટ ઈન સીટુ સ્ટ્રોમ વોટર બોક્ષથી ડેવલપ કરવામાં આવશે.આ કેનાલ ડેવલપ થવાથી નીચાણવાળી સોસાયટીઓમાં વરસાદી પાણી ભરાવવાની સમસ્યાનો નિકાલ આવશે. આજુ-બાજુના વિસ્તારોમાં ડ્રેનેજ ઓવરફ્લો થવાની સમસ્યાનો મહદઅંશે નિકાલ થશે. તદઉપરાંત કેનાલની મોટી જગ્યાનો ઉપયોગ સીવેજ લાઈન, સ્ટોર્મ વોટર લાઈન અને રોડ નેટવર્ક નાંખીને ગીચ વિસ્તારમાં રોડ નેટવર્ક ઉભું કરી શકાશે. જ્યારે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શારદાબેન હોસ્પિટલનું અંદાજીત રૂ. ૧૭૮ કરોડના ખર્ચે નવીનકરણ કરી મલ્ટીસ્ટોરીડ હોસ્પિટલ બિલ્ડીંગ બનાવવામાં આવશે. કુલ ૩૧૦૪૮ ચો.મી.ના પ્લોટ એરીયામાં ગ્રાઉન્ડ ફ્લોર ૫ માળમાં હોસ્પિટલ બ્લોક, આઈ.પી.ડી. બ્લોક, ઓ.પી.ડી. બ્લોક, યુટીલીટી બ્લોક, શબઘર, રેસીડેન્ટ મેલ અને ફીમેલ બ્લોક, ફેમીલી ક્વાટર્સ તેમજ નર્સ ક્વાટર્સ તૈયાર થશે. આ ઉપરાંત નવી તૈયાર થનાર હોસ્પિટલમાં ૮૮૦ બેડ, ૧૨૦ જેટલા આઈ.સી.યુ. બેડ, ૧૨ ઓપરેશન થીયેટર, કોન્ફરન્સ હોલ તેમજ ગાયનેક, રેડીયોલોજી, પીડીયાટ્રીક, ઓર્થોપેડિક જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

### શહેરીજનોનું ઇઝ ઓફ લિવિંગ વધારવું એ રાજ્ય સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે - :મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

આ સાથો-સાથ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શેઠ એલ. જી. હોસ્પિટલનું અંદાજીત રૂ. ૧૬૪ કરોડના ખર્ચે નવીનીકરણ કરી મલ્ટીસ્ટોરીઝ શેઠ એલ. જી. હોસ્પિટલ બનાવવામાં આવશે. કુલ ૩૯૮૬૪.૭૮ ચો.મી. પ્લોટ એરીયામાં નવીનીકરણ થશે. જેમાંબે બેઝમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર અને ૯ માળનું રહેશે. આ ઉપરાંત ૬૮ ટુ વ્હિલર તથા ૧૨૮ ફોર વ્હિલર પાર્કિંગની વ્યવસ્થા ઉપલબ્ધ કરવામાં આવશે. આ હોસ્પિટલમાં ૭૦૦ બેડ, ૮૦ જેટલા આઈ.સી. યુ. બેડ, ગાયનેક, સાઈકીયાટ્રીક, રેડીયોલોજી, પીડીયાટ્રીક, ડર્મેટોલોજી, બર્ન્સ તેજ કોન્ફરન્સ હોલની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવશે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પૂર્વ ઝોનના નિકોલ વોર્ડમાં અંદાજીત રુ. ૧૦૩.૮૩ કરોડના ખર્ચે પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ૧૧૮૦ આવાસો બનાવવામાં આવશે. આ આવાસોમાં પાણી પુરવઠો, ગટર લાઈન અને વીજ પુરવઠા સહિત બેઠકરુમ, બેડરુમ, રસોડુ, સંડાસ-બાથરુમ અને ચોકડી સહિતની સુવિધા ધરવાતા બનાવાવમાં આવશે. આ ઉપરાંત આકર્ષક એલીવેશન, ભૂકંપ પ્રતિરોધક બાંધકામ, વેટ્રીફાઈડ ટાઈલ્સ ફ્લોરીંગ, ગ્રેનાઈટનું કિચન પ્લેટફોર્મ, ફ્લશ ડોર્સ, લીફ્ટ, પરકોલેશન વેલ, સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, સોલર રૂફ ટોપ, રાંધણ ગેસની લાઈન, આર.સી.સી. રોડ તેમજ ઈલેક્ટ્રીક સબ સ્ટેશનની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવશે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ઉત્તર ઝોનના બાપુનગર વોર્ડમાં શ્રી લાલબહાદુર શાસ્ત્રી સ્ટેડીયમને અંદાજીત રુ. ૨૦.૬૦ કરોડના ખર્ચે પાર્ટી પ્લોટ, નગીનાવાડી, પાર્કિંગ એરીયા તેમજ બાળકો માટે રમત-ગમત તથા આઉટડોર જીમના સાધનોની સુવિધા સહિત ડેવલપ કરવામાં આવશે. આ સાથે ૨૦૦૦ રનીંગ મીટર લંબાઈનો આકર્ષક વોકીંગ ટ્રેક, જુદી જુદી જાતના ૧,૫૦,૦૦૦ ફુલછોડનું પ્લાન્ટેશન, એન્ટ્રન્સ, રીચાર્જ વેલ, ફુટ ઓવર બ્રીજ તથા વ્યુ ગેલરી, અલગ અલગ પ્રકારની આકર્ષક એડવેન્ચર એક્ટીવીટીઝ ઉભી કરવામાં આવશે.

## પાણીપત રિફાઇનરી અને પેટ્રોકેમિકલ કોમ્પ્લેક્સ ખાતે ઈન્ડિયન ઓઈલના ૨જી જનરેશન ઈથેનોલ પ્લાન્ટનું ઉદ્‌ઘાટન અને રાષ્ટ્રને સમર્પણ



કમલમ્ ન્યુઝ,

ઑક્ટોબર ૧૯૯૮માં શરૂ કરાયેલ, પાણીપત રિફાઈનરી એ ઈન્ડિયનઓઈલનું ૭મું અને ભારતનું તકનીકી રીતે સૌથી અદ્યતન જાહેર ક્ષેત્રનું રિફાઈનરી સંકુલ છે. ઐતિહાસિક શહેર પાણીપતની બહારના વિસ્તારમાં સ્થપાયેલી રિફાઈનરી માત્ર હરિયાણામાં જ નહીં, પરંતુ પંજાબ, J&K, હિમાચલ પ્રદેશ, ચંદીગઢ, ઉત્તરાખંડ અને રાજસ્થાનના ભાગો સહિત સમગ્ર ઉત્તર-પશ્ચિમ પ્રદેશ ઉત્તર પ્રદેશ અને દિલ્હીમાં પેટ્રોલિયમ ઉત્પાદનોની માગને સંતોષે છે. પેટ્રોલિયમ ઉત્પાદનોની વધતી જતી માગને પહોંચી વળવા માટે, ખાસ કરીને ભારતના ઉત્તરીય પ્રદેશમાં, પાનીપત રિફાઈનરીની ક્ષમતા ૨૦૦૫માં 12 MMTPA સુધી વિસ્તરણ કરવામાં આવી હતી અને ડિસેમ્બર, ૨૦૧૦માં તેને ફરીથી વધારીને 15 MMTPA કરવામાં આવી હતી અને વિશ્વ કક્ષાના પેટ્રોકેમિકલ્સ કોમ્પ્લેક્સની સ્થાપના માટે આધુનિક ઈન્સ્ટોલેશનને આગળ વધારવામાં આવ્યું હતુ. વધુમાં, સંભવિત માગને મેચ કરવા માટે, ૨5 MMTPA સુધીનો મજબૂત વધારો પહેલેથી જ ચાલી રહ્યો છે. એક પ્રકારનો, એશિયામાં સૌપ્રથમ, પાણીપત ખાતેનો ૨જી ઈથેનોલ પ્લાન્ટ, અત્યાધુનિક સ્વદેશી તકનીક પર આધારિત, ચોખાના સ્ટ્રો સાથે વાર્ષિક ૩ કરોડ લિટર ઈથેનોલનું ઉત્પાદન કરશે - ફીડ તરીકે લિગ્નોસેલ્યુલોસિક બાયોમાસ, જે મિશ્રણ કરશે. પેટ્રોલ સાથે ત્યાંથી વર્તમાન પરિસ્થિતિના સંદર્ભમાં ગેમ-ચેન્જર બનવાની ઓફર કરે છે. ટેકનોલોજી: "એન્ફિનિટી" ટેકનોલોજીના આધારે પ્લાન્ટ ૩ કરોડ લિટર ઈથેનોલનું ઉત્પાદન કરવા માટે ફીડસ્ટોક અને ગૌણ બળતણ (બોઈલર માટે) તરીકે વાર્ષિક ૨ લાખ ચોખાના સ્ટ્રોનો ઉપયોગ કરશે. મોટર સ્પિરિટ (પેટ્રોલ) અને અન્ય લાભોમાં ૨૦% ઈથેનોલ મિશ્રણનો ભારત સરકારના GoI) લક્ષ્યને પહોંચી વળવા ઈથેનોલને પેટ્રોલમાં ભેળવવામાં આવશે. પ્લાન્ટમાં બાયો માસ તૈયારી વિભાગ, મુખ્ય પ્રક્રિયા પ્લાન્ટ, એન્ઝાઈમેટિક હાઈડ્રોલિસિસ, સહ-આથો, નિસ્યંદન, ડિગેસિફાઈંગ કોલમ, સ્પ્લિટ વિશ્લેષક કોલમ, રેક્ટિફાયર કમ એક્ઝોસ્ટ કોલમ, રેસિડ્યુ હેન્ડલિંગ વિભાગ અને બાષ્પીભવનનો સમાવેશ થાય છે. પાકના અવશેષો બાળવા, રોજગારીનું સર્જન કરવા અને ખેડૂતોને તેમની આવક વધારીને લાભ પહોંચાડવા દ્વારા ગ્રામીણ સમાજને પુનર્જીવિત કરવા માટે કલ્પના અને ડિઝાઈન કરવામાં આવી છે; ૨૯ ઈથેનોલ પ્રોજેક્ટ વાર્ષિક ૨ લાખ ચોખાના સ્ટ્રોનો ઉપયોગ કરશે, જે પ્રોજેક્ટ સાઈટની આસપાસના ૮૯,૦૦૦ થી વધુ ખેડૂતો પાસેથી એકત્રિત કરવામાં આવશે. ખેડૂતો પાસેથી ચોખાના સ્ટ્રોના સંગ્રહથી તેમની આવક સીધી રીતે વધારવામાં મદદ મળશે. આ ઉપરાંત, પ્રોજેક્ટ ચોખાના સ્ટ્રોના સોર્સિંગ દ્વારા કૃષિ નોકરીઓનું સર્જન કરશે. એવી કલ્પના કરવામાં આવી છે કે વાર્ષિક ચોખાના સ્ટ્રોના સોર્સિંગ માટે રોજગારીની પૂરતી તકો ઊભી કરવામાં આવશે. ૬૦ કિલોમીટરની ત્રિજ્યામાંથી ચોખાનો ભૂકો એકત્ર કરવામાં આવશે અને સંગ્રહ માટે અ-કેન્દ્રીત સંગ્રહ ડેપો બનાવવામાં આવશે. ભારતના માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના વિઝનને અનુરૂપ, જેમણે ૨૬ સમિટમાં તેમના 'પંચામૃત નિવેદન'માં પાંચ-પોઈન્ટ એક્શન એજન્ડા તરીકે આબોહવા પગલાં પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતાઓ રજૂ કરી છે, આ પ્રોજેક્ટ આગળ એક મોટી છલાંગ છે. ૨૦૩૦ સુધીમાં દેશની બિન-અશ્મિભૂત ઇંધણ-આધારિત ઊર્જા ક્ષમતાને ૫૦૦ ગીગાવોટ સુધી વધારવા માટે દેશની ૫૦% ઊર્જા જરૂરિયાતો પુનઃપ્રાપ્ય ઊર્જા સ્ત્રોતોનો ઉપયોગ કરીને પૂરી કરવામાં આવશે. દેશ હવેથી વર્ષ ૨૦૩૦ વચ્ચે કુલ અંદાજિત કાર્બન ઉત્સર્જનમાં એક અબજ ટનનો ઘટાડો કરશે. ૨૦૩૦ સુધીમાં અર્થતંત્રની કાર્બન તીવ્રતા ઘટીને ૪૫%થી ઓછી થઈ જશે. દેશ કાર્બન ન્યુટ્રલ બનશે અને વર્ષ ૨૦૭૦ સુધીમાં ચોખ્ખું શૂન્ય ઉત્સર્જન હાંસલ કરશે.

૨જી ઈથેનોલ પ્લાન્ટ

ક્ષમતા – ૧૦૦ કિલો લિટર પ્રતિ દિવસ

પ્રોજેક્ટ ખર્ચ- ૯૦૯ કરોડ

ઈથેનોલ શુદ્ધતા - ૯૯.૬%

ફીડ-ચોખાના સ્ટ્રો આધારિત ભાષા-સેલ્યુલોસિક

- પાણીપત ખાતેનો ૨૯ ઈથેનોલ પ્લાન્ટ, વાર્ષિક ૩ કરોડ લિટર ઈથેનોલનું ઉત્પાદન કરશે જે ગેસોલિન સાથે ભળી જશે અને ક્રૂડ ઓઈલની આયાતને બચાવશે. ઈથેનોલ પર ટેક્સની આવક અને GSTની આવકથી પણ અર્થતંત્રને ફાયદો થશે. આ પ્રોજેક્ટ રોજગારીનું સર્જન કરીને અને ખેડૂતોને તેમની આવક વધારીને લાભ આપીને ગ્રામીણ સમાજને પુનર્જીવિત કરશે. 2G ઈથેનોલનું ઉત્પાદન GHG ઉત્સર્જનને બચાવશે, જેનાથી આપણા પર્યાવરણને પાક બાળવાના પ્રદૂષણથી બચાવશે.
- આ પ્રોજેક્ટ ચોખાના સ્ટ્રો સળગાવવાનું બંધ કરીને પર્યાવરણને લાભ કરશે અને ગેસોલિનમાં ઈથેનોલ મિશ્રણના ગ્રીન-હાઉસ ઉત્સર્જનને ઘટાડવામાં મદદ કરશે. તે 3,00,000 MT GHG ઉત્સર્જન બચાવશે. આ દેશના રસ્તાઓ પરથી વાર્ષિક ૬૨,૦૦૦ થી વધુ કારને બદલવાની સમકક્ષ છે.
- વધુમાં, કૃષિ બાયોમાસના અવશેષોને બાળવા, અથવા પાકના અવશેષો બર્નિંગ (CRB)ને આરોગ્ય માટેના મુખ્ય જોખમ તરીકે ઓળખવામાં આવે છે.
- પાકના અવશેષો બાળવાના મુખ્ય કારણો બે ગણા છે. પ્રથમ, ખરીફ સિઝનના અંતે ડાંગરની લણણી અને ઘઉંની ખેતી વચ્ચે ખૂબ જ ટૂંકો સમય હોય છે. ડાંગર, અથવા ચોખા, પાણી-સઘન પાક છે. બીજું, કાપણી કરનારાઓના મોટા એકમો ખેતરમાં ૬-૧૦ સેમી ડાંગરની દાંડી છોડી દે છે.

ખેતરમાં રહેલ ડાંગરની દાંડી દૂર કરવી એ શ્રમ-સઘન પ્રક્રિયા છે. અપૂરતી મજૂરી સાથે અને ઘઉંની ખેતી માટે ખેતર તૈયાર કરવા માટે સમયની વિન્ડો ભાગ્યે જ કૃષિ ઓજારોનો ઉપયોગ કરવામાં આવે છે અથવા ખેતરમાં જ અવશેષો બાળી નાખવામાં આવે છે. ખેડૂતે મર્યાદિત, બેમાંથી વિકલ્પો કે જે કાં તો ખર્ચાળમાં રોકાણ કરવું પડે છે અને બાદમાં બંને સસ્તા છે અને ઓછા પ્રયત્નોની જરૂર છે.

- નોકરીઓ અને ખેડૂતોની વધારાની આવક બનાવીને અર્થતંત્ર પુનર્જીવિત થાય.
- આ પ્રોજેક્ટ માટે વાર્ષિક ૨ લાખ MT થી વધુ ચોખાના સ્ટ્રોની જરૂર પડશે, જે ૮૯,૦૦૦ થી વધુ ખેડૂતો પાસેથી એકત્ર કરવામાં આવશે.
- ગ્રામીણ વિસ્તારોમાં ૧૫૦૦થી વધુ નોકરીઓનું સર્જન સ્થાનિક ગ્રામજનોને મદદ કરશે.
- ડાંગરના ખેતરોમાં પરાળ સળગાવવાની રોકથામને કારણે વાયુ પ્રદૂષણમાં ઘટાડો.
- ખેત-પાક-પાક માટેનો ઉપયોગ કરીને ખેડૂતોની આવકમાં વધારો.
- બાયોમાસલોજિસ્ટિક્સ વધારાની આર્થિક પ્રવૃત્તિ આંતરિક વિસ્તારો બનાવશે.
- રોજગાર સર્જનઃ 2G ઈથેનોલ પ્રોજેક્ટ પ્લાન્ટની કામગીરીમાં લોકોને સીધી રોજગારી પ્રદાન કરશે. વધુ પરોક્ષ રોજગાર સપ્લાયચેઈન ફોર સ્ટ્રોકટિંગ, હેન્ડલિંગ, સ્ટોરેજમાં પેદા થશે.
- આત્મનિર્ભરભારતઃ આ પ્રોજેક્ટમાં મેસર્સ પ્રાજ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડની સ્વદેશી તકનીક આધારિત પ્રથમ વાણિજ્યિક પ્લાન્ટનો સમાવેશ થાય છે. એશિયામાં 2G ઈથેનોલ ઉત્પાદન માટેની તારીખ મુજબ અન્ય કોઈ સાબિત ટેકનોલોજી ઉપલબ્ધ નથી.
- બાયોઈથેનોલના ઉત્પાદન દ્વારા ક્રુડોઈલ આયાતમાં ઘટાડો

## રેલવે રાજ્ય મંત્રી શ્રીમતી દર્શના જરદોશે અમદાવાદ ખાતે ૭૫ ઉમેદવારોને નિમણૂક પત્રો આપ્યા

ભારત સરકાર દ્વારા યુવાઓને રોજગારી આપવી એ પહેલી પ્રાથમિકતા છેઃ શ્રીમતી દર્શનાબેન જરદોશ





કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી એ વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી રોજગાર મેળા દ્વારા ૧૦ લાખ કર્મચારીઓની ભરતી ઝુંબેશની શરૂઆત કરી. સમારોહ દરમિયાન ૭૫,૦૦૦નવાનિમણુકપામેલાઓને નિમણુક પત્રો આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે પીએમ નવા નિયુક્ત થયેલા લોકોને પણ સંબોધિત પણ કર્યુ હતું. નિમણુક કરનારાઓ દેશના વિવિધ ભાગોમાં ૫૦ સ્થાનો પર હાજર રહ્યા હતા. જેનું આયોજન વિવિધ મંત્રાલયો તેમજ વિભાગો દ્વારા કરવામાં આવ્યું હતુ. પશ્ચિમ રેલવે પર રોજગાર મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. રેલવે રાજ્ય મંત્રી શ્રીમતી દર્શનાબેન જરદોશે અમદાવાદ ખાતે ઉપસ્થિત રહી ૭૫ નવા નિમણૂક પામેલાઓને નિમણૂક પત્રો આપ્યા હતા. આ પ્રસંગે રેલવે રાજય મંત્રી શ્રીમતી દર્શનાબેન જરદોશે જણાવ્યું હતું કે ભારત સરકાર દ્વારા યુવાઓને રોજગારી આપવી એ પહેલી પ્રાથમિકતા છે જેને લઈને જુદા જુદા વિભાગોમાં રોજગારીય પ્રધાન શરૂ કરવામાં આવ્યું છે. યુવાનો માટે નોકરીની તકો પૂરી પાડવા અને નાગરિકોનું કલ્યાણ સુનિશ્ચિત કરવા માટે પ્રધાનમંત્રીની સતત પ્રતિબદ્ધતાને પરિપૂર્ણ કરવા તરફ આ એક મહત્વપૂર્ણ પગલું છે. ત્યારે નિમણુક પામેલ લોકોએ પ્રધાનમંત્રીની આ પહેલની પ્રશંસા કરીઆભારમાન્યોહતો.અમદાવાદ માં નવનિયુક્ત ઉમેદવારોમાંથી રેલવેમાં ૩૦, ઈનકમ ટેક્સમાં ૨૬, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયામાં ૪, કેનેરા બેંકમાં ૨, ઈન્ડિયન બેંકમાં ૨, સ્પેસ ક્ષેત્રમાં ૨ અને બીએસએફમાં ૧ ઉમેદવારને જોબ લેટર્સ આપવામાં આવ્યા હતા.

## પ્રધાનમંત્રીએ દેશના યુવાનો પર વિશ્વાસ મૂકયો છે - કેન્દ્રીય મંત્રી શ્રી પરશોત્તમ રૂપાલા

પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે કેન્દ્રીય મંત્રી શ્રી રૂપાલાની ઉપસ્થિતિમાં ગુજરાતના યુવાનોને નિમણૂકપત્રો એનાયત કરાયાં









કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા યુવા સામર્થ્યથી વિકસિત ભારતના વિરાટ સંકલ્પને નવું બળ પ્રદાન કરવા માટે કેન્દ્ર સરકાર દ્વારા આગામી સમયમાં ૧૦ લાખ યુવાનોને નિયુક્તિ આપવા માટેના રોજગાર મેળાઓનો શુભારંભ કરાવવામાં આવ્યો છે. જે અંતર્ગત પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી-પીડીઈયુ, ગાંધીનગર સહિત દેશનાં જુદા જુદા ૫૦ સ્થળે પ્રધાનમંત્રી શ્રી મોદીના હસ્તે વર્ચ્યુઅલ માધ્યમથી ૭૫ હજાર જેટલા યુવાનોને નિયુક્તિપત્રોનું વિતરણ કરવાના કાર્યક્રમો યોજાઈ ગયા. જે પૈકી ગાંધીનગરમાં ૩૦ યુવાનોને કેન્દ્રીય મત્સ્ય ઉદ્યોગ, પશુપાલન તેમજ ડેરી ઉદ્યોગ મંત્રી શ્રી પરશોત્તમભાઈ રૂપાલા તથા અન્ય મહાનુભાવોના હસ્તે નિયુક્તિપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ગુજરાતમાં પોસ્ટ વિભાગ, ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ, ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસીસ ઓથોરિટી, નેશનલ ઈન્સ્ટિટયુટ ઓફ ફેશન ટેલનોલૉજી, યુનિયન બેંક, સીઆરપીએફ જેવી સંસ્થાઓના કુલ ૩૭૨ કર્મચારીઓને નિયુક્તિપત્રો અપાયાં છે. કેન્દ્રીય મંત્રી શ્રી પરશોત્તમ રૂપાલાએ નવનિયુક્ત યુવાનોને સંબોધિત કરતાં કહ્યું હતું કે, શ્રી મોદીએ વ્યવસ્થા બદલવાનું ભગીરથ કાર્ય કર્યું છે. તેમણે દેશના નવયુવાનો પર વિશ્વાસ મૂક્યો છે. ભૂતકાળકમાં, અરજદારે પોતાના માર્કશીટ-પ્રમાણપત્રો પ્રમાણિત કરવા માટે રાજકીય વ્યક્તિઓ કે અધિકારીઓ પર નિર્ભર રહેવું પડતું હતું. તેમાં ઉમેદવાર-અરજદાર યુવાધનનો સમય વેડફાતો હતો. તેમણે કહ્યું હતું, પ્રધાનમંત્રીએ સ્વ-પ્રમાણિત પ્રમાણપત્રો માન્ય રાખવાનું ઠરાવ્યું છે. આ પગલું ભરવા પાછળના ઉદ્દેશથી માત્ર પ્રક્રિયા જ સરળ નથી થઈ, પરંતુ પ્રધાનમંત્રીને યુવાનો પર રહેલો વિશ્વાસ પ્રસ્થાપિત કર્યો છે કે યુવાન કયારેય કોઈ ખોટું પગલું ભરશે નહીં. ગાંધીનગર ખાતે આયોજિત આ રોજગાર મેળામાં વિવિધ ક્ષેત્રો જેમકે પોસ્ટ વિભાગ, ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ, ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસિઝ સેન્ટર્સ ઓથોરિટી, એનઆઈએફટી, યુનિયન બેંક, સીઆરપીએફમાં મળીને ૩૦ ઉમેદવારોને જોબ લેટર્સ કેન્દ્રીય મંત્રી શ્રી રૂપાલાએ સુપરત કર્યા હતા.

•Printer/Publisher/Owner &Editor: Mahesh N.Patel. •Printed At:-CaptialOffset 801/1, Gi.d.c.,Sector-28 Gandhinagar,Gujarat-382028 •Published -At A-3,Plot No R-13, TanishqComplex, NewGreencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028